હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : ૦૯, કમ્યુનિટી સેન્ટર,બસંત લોક,વસંત વિહાર,નવી દિલ્હી - ૧૧૦૦૫૭
ફો.નં. ૦૧૧ ૪૯૨૬૭૦૦૦,ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૧૨ ૮૦૦૦,ઈમેલ - custmer.care@herohfl.com |
Website : www.herohousingfinance.com | CIN : U6519DL2016PLC30148
સંપર્ક સરનામુ : ઓફિસ નં. ૪૯, બીજા માળે, ગિરનાર ખુશ્બુ પ્લાઝા, કોમર્શિયલ પ્લોટ નં.૨૦૯, વાપી, જિ.વલસાડ, ગુજરાત - ૩૯૬૧૯૫

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

[પરીશિષ્ટ ૪ સાથે વંચાણે લેતા સિકયુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮(૧)]

આથી નીચે સહી કરનાર આથી નીચે સહી કરનાર હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી ને સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના ખંડ ૧૩ (૧૨) અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૩ને વંચાણે લીધા બાદ મળેલા અધિકારો મુજબ નીચે જણાવેલા દેવાદાર (રો)ને તેમના છેલ્લા જાણીતા સરનામે ડીમાન્ડ નોટીસ મોકલવામાં આવી હતી અને નોટીસમાં નીચે જણાવેલ બાકી લેણી રકમ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદાર રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદારને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે નીચે જણાવેલી મિલકતોનો કબજો કથિત એક્ટના ખંડ ૧૩(૪) અને કથિત રૂલ્સના રૂલ ૮ હેઠળ પ્રાપ્ત અધિકારો હેઠળ લીધો છે.

દેવાદારને ખાસ તથા જાહેર જનતાને આથી ચેતવણી આપવામા આવે છે કે આ મિલકતો હવેથી હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિ.ના બાકી લેણી રકમ અને વ્યાજ તથા દંડાત્મક વ્યાજ,ખર્ચ અને કિંમત તેની સામે દર્શાવેલી તારીખથી તાબા હેઠળ હોઈ એનો કોઈપણ રીતે સોદો કરી શકાશે નહીં.

આથી કથિત એક્ટના ખંડ ૧૩ના પેટા ખંડ (૮) હેઠળની જોગવાઈ તરફ દેવાદારનું ધ્યાન દોરવામાં આવે છે કે તમની પાસે ગીરો મિલકત છોડાવવાનો હજુ સમય છે.

લોન ખાતા નંબર	દેવાદાર(રો)/ કાનૂની વારસદાર(રો)/ કાનૂની પ્રતિનિધી(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ / ડીમાન્ડ નોટીસ મુજબ બાકી રકમ	કબજાની તારીખ (વાસ્તવિક/ સાંકેતિક)
HHFSURHOU22000019576, HHFSURIPL22000019577	રાજુ તે રામસંજિવનના પુત્ર,શિવરાની દેવી તે રાજુની પત્ની	૧૨-૦૧-૨૦૨૬ રૂ. ૭,૭૩,૮૧૯/- ૦૯-૦૧-૨૦૨૬ ના રોજ	૧૫-૦૯-૨૦૨૬ (વાસ્તવિક)

સલામત સંપત્તિ/સ્થાવર મિલકતો/ગીરો મુકેલી મિલકતોનું વર્ણન : તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત પ્લોટ નં.૨૩ ક્ષેત્રફળ અંદાજે ૪૩ ચો.મી.ની સાથે માનસરોવર વિલાની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ૨૬.૬૨ ચો.મી. ભાગ , રે.સ./બ્લોક નં. ૩૩૫ રીસર્વે બાદ નવો બ્લોક નં.૬૩૫ , કુલ ક્ષેત્રફળ હે.આરે.૪-૧૪-૮૧ ચો.મી.,આકાર રૂ.૨૪.૮૭ પૈસા પૈકી ઉત્તર પૂર્વ તરફે ક્ષેત્રફળ ૧૦૫૦૦ ચો.મી. મોજે ગામ ઉટીયાદરા,તા.અંકલેશ્વર,જિ.ભરૂચ,ગુજરાત ની સાથે ટાઈટલ દસ્તાવેજ મુજબની કોમન સુવિધાઓ, ચતુ:સીમા : ઉત્તરે: પ્લોટ નં.૨૪,દક્ષિણે: પ્લોટ નં.૨૨, પૂર્વે: પ્લોટ નં.૬૭, પશ્ચિમે: સોસાયટીનો રોડ

HHFAKWHOU23000032959, HHFAKWIPL23000032963	મેવાડા જયકિશન અંબારામભાઈ, સ્નેહલબેન જયકિશનભાઈ મેવાડા	૧૯-૦૫-૨૦૨૬ રૂ. ૧૭,૨૫,૪૯૭ /- ૧૫-૦૫-૨૦૨૬ ના રોજ	૧૫-૦૯-૨૦૨૬ વાસ્તવિક

સલામત સંપત્તિ/સ્થાવર મિલકતો/ગીરો મુકેલી મિલકતોનું વર્ણન : તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી સ્થાવર મિલકત રહેણાંક પ્લોટની જમીન પ્લોટ નં.૪૦/બી ક્ષેત્રફળ ૫૮.૪૫ ચો.મી. બાંધકામનું ક્ષેત્રફળ ૪૬.૭૬ ચો.મી.ની સાથે ગાયત્રી સોસાયટીની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો સપ્રમાણ ભાગ રે.સ.નં.૨૬૭+૨૬૮,૨૬૯+ ૨૭૦,સીટી સર્વે નં.૨૧૬૫ મોજે ગામ તરસાલી,તા. માંગરોળ,જિ.સુરત,ગુજરાતની સાથે ટાઈટલ દસ્તાવેજ મુજબની તમામ સુવિધાઓ ચતુ:સીમા: પૂર્વે: કોમન રોડ,પશ્ચિમે: પ્લોટ નં.૩૯/બી બાદ માર્જિન, ઉત્તરે: લાગુ પ્લોટ નં.૪૦/એ,દક્ષિણે: કોમનરોડ

તારીખ: ૧૮-૦૯-૨૦૨૬ **સહી/- અધિકૃત અધિકારી**
સ્થળ : અંકલેશ્વર,સુરત **વતિ, હીરો હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

નાનપુરાની મહિલાની હત્યા કરનાર મહિલા સામે લૂંટ અને પુરાવા નાશની કલમો ઉમેરવામાં આવી

સુરત, તા.૧૭

નાનપુરાના મોનાલીસા એપાર્ટમેન્ટમાં લૂંટના ઈરાદે ઘરમાં ઘુસી વૃદ્ધાની હત્યા કરનાર મહિલા સામે સુરત કોર્ટે લૂંટ અને પુરાવાનો નાશ કરવાની કલમનો ઉમેરો કરવા સાથે તેણીને લાજપોર જેલમાં મોકલી આપવા આદેશ કર્યો હતો.

નાનપુરા બહુમાળી ભવનની પાછળ ઈન્દ્રાણી એપાર્ટમેન્ટમાં રહેતા છાયા મુકેશ શાહ સ્થાનિક વિસ્તારમાં આવેલ ટી.એન્ડ.ટીવી સ્કુલ સામે આવેલા મોનાલીસા એપાર્ટમેન્ટમાં ભાડેથી ઘર જોવાના બહાને આવી હતી અને આ એપાર્ટમેન્ટના છઠ્ઠા માળે એકલા રહેતા આમેના અબ્દેઅલી મોતીવાલા(ઉ.વ.84)ના ઘરમાં બે દિવસ પહેલા ભાડેથી ઘર જોવા આવી હતી તેવી આમેનાબેનને વાત કરી તેમના ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ છાયાએ તિજોરી ખોલવાનો પ્રયાસ કરતા આમેના મોતીવાલાએ ના પાડ્તા તેમની હત્યા કરી નાખી હતી. છાયા તેના સગીર દીકરા સાથે આવી હતી. દિકરાએ પણ તેની માતાને આવુ કરવા ના પાડ્યા છતા આમેના મોતીવાલાને મોતને ઘાટ ઉતારી દીધી હતી. હત્યા કર્યા બાદ છાયા ઘરમાંથી રોકડ અને આમેનાબેનનો મોબાઈલ ફોન ચોરીને બહારથી તાળુ મારી ફરારઈ થઈ ગઈ હતી.

આ મામલે અઠવા પોલીસે હત્યાનો ગુનો નોંધી છાયાની ધરપકડ કરી હતી.

પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે, છાયા લૂંટ કરવા ઘરમાં પ્રવેશ કરી આમેના મોતીવાલાની હત્યા કર્યા બાદ તેમના બેડરૂમના લોખંડનો

આરોપી મહિલાએ મોબાઈલ અને રોકડની લૂંટ કરી લોહીવાળા કપડા તથા સીમકાર્ડ સળગાવી પૂરાવા નાશ કરવાની કોશીશ કરી હતી

કબાટલ ખોલી તેમના રોકડા રૂપિયા 1,2,5,10ના સિક્કા અને 10,20ની ચલણી નોટો મળી રૂ.626 તથા ફ્લેટની ચાવી તેમજ મૃતકનો મોબાઈલ મળી કુલ્લે રૂ.5,626ની લૂંટ કરી ફ્લેટને તાળુ મારી ફરાર થઈ ગઈ હતી. ત્યારબાદ છાયાએ ગુનો આચર્યો ત્યારે તેણીના કપડા ઉપર લોહીના ડાઘા પડ્યા હોય જેથી આ કપડા પોતાના ઘરની પાછળની ગેલેરી પાસે ઝાડીઓમાં અર્ધ સળગાવી દઈ ફેકી દીધા હતા.તદુપરાંત ચોરેલા ફોનનો સીમકાર્ડ ઘરમાં ગેસના ચુલા ઉપર સળગાવી નાશ કર્યો હોવાનું સામે આવ્યું હતું. દરમિયાન આજે છાયાને કોર્ટમાં રજૂ કરાઈ હતી. સરકાર તરફે એપીપી પરવેઝ પઠાણ હાજર રહ્યા હતા. પીઆઈ ટી.એ.ગઢવીએ આરોપી છાયા વિરૂદ્ધ લૂંટ, પુરાવાનો નાશ કરવા બદલ કલમનો ઉમેરો કરવા અરજી કરી હતી. કોર્ટે અરજી મંજૂર કરી હતી.

કતારગામમાં મૃતક ભાઈના વિરહમાં બહેનનો અને મોબાઈલના ઝઘડામાં વરાછાની પરિણીતાનો આપઘાત

સુરત, તા.૧૭

સુરતમાં આપઘાતના બે અલગ-અલગ બનાવો બનવા પામ્યા હતા. વરાછા ખાતે અવસાન પામનાર પિતરાઈ ભાઈના વિરહમાં યુવતિએ ઝેર પી મોતને વ્હાલું કર્યું હતું. કતારગામ ખાતે પતિ સાથે મોબાઈલની બાબતે થયેલા ઝગડા બાદ નાસીપાસ થયેલી પત્નીએ પણ ઝેરી દવા ગટગટાવી જીવનનો અંત આણ્યો હતો.

વરાછા સીતાનગર ચોકડી પાસે આવેલી ઈશ્વર નગર સોસાયટીમાં રહેતી ૨૨ વર્ષીય જાગૃતિ મગન નાગોથાએ ગત ૧૩ સપ્ટેમ્બરે બપોરે ઘરે ઝેરી દવા પી લીધી હતી. તેણીનું ગઈકાલે સારવાર દરમિયાન સાંજે મોત થયું હતું. મૂળ ભાવનગરના મહુવા તાલુકાના મોટાજાદરા ગામની વતની અને ઘર બેઠા સિલાઈ કામ કરતી જાગૃતિના પિતરાઈ ભાઈનું એક મહિના પૂર્વે બીમારીથી અવસાન થયું હતું, જેના આઘાતમાં તેણીએ આ પગલું ભરી લીધું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. આ અંગે વરાછા પોલીસ વધુ તપાસ કરી રહી છે.

બીજી ઘટનામાં, મૂળ બોટાદ જિલ્લાના ગઢડાના વતની અને હાલ કતારગામ સ્થિત કુબેર પાર્ક સોસાયટી વિ-૨માં પતિ પ્રવીણ ખેરાળા સાથે રહેતી ૩૨ વર્ષીય હંસાએ આજે સવારે અનાજમાં નાખવાની ઝેરી દવા પી લીધી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, મોબાઈલ ફોન બાબતે પતિ સાથે થયેલી બોલાચાલીનું માઠું લગાડી આ પગલું ભર્યું હતું. વધુમાં હંસા હીરાની ઓફિસમાં નોકરી કરી પરિવારને મદદરૂપ થતી હતી.

બિમારીમાં એક મહિના પહેલા ભાઈના અવસાન થતા જાગૃતિ નાગોથાએ એસિટ ગટગટાવ્યું:પતિ સાથે મોબાઈલ મુદ્દે ઝઘડો થતા હંસા ખેરાળાએ ઝેરી દવા પી લીધી

છેલ્લા પાનાનું શેષ

વડાપ્રધાન મોદીના...

આવી હતી. આ સાથે લિંબાયત વિસ્તારમાં આવેલા નીલગીરી ગ્રાઉન્ડ ખાતે એક મહાઆરતીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ અને તેમના જનસેવાના અવિરત ૨૫ વર્ષ પુર્ણ થવાની ખુશીમાં આજે શહેરભરમાં ધામધુમ પુર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ સેવાકીય કાર્યક્રમોને લઈ આજે સુરતમાં ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો. ભાજપના કાર્યકર્તાઓ તેમજ શહેરની ખાનગી, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા સ્વયંભૂ રીતે આગળ આવી વિવિધ સર્જનાત્મક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારથી જ સમગ્ર શહેરમાં 'સેવા સંકલ્પ' અને ઉત્સાહની લહેર જોવા મળી હતી. વડાપ્રદાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી અંતર્ગત સુરત શહેર ભાજપના નેતૃત્વમાં અનેક જગ્યાએ વૃક્ષારોપણ, મેડીકલ ચેકઅ, સ્વચ્છતા અભિયાન અને રક્તદાન શિબિરો સહીતના અનેક સેવાલક્ષી કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ધાર્મિક સંસ્થાઓ દ્વારા પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન માટે વિશેષ પૂજા-અર્ચના, હવન અને મહાઆરતીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ કાર્યક્રમોને લઈ આજે સુરત શહેરમાં દિવાળીના તહેવાર જેવો માહોલ જોવા મળ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે નાનપુરા નાવડી ઓવારા ખાતે મોડી સાંજે આશીર્વાદ દીવાડાના મુખ્ય કાર્યક્રમનું આયોજન કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં થયું હતું. કાર્યક્રમની શરૂઆત અત્યંત ઉત્સવમય વાતાવરણમાં થઈ હતી. આરતી પૂર્વે સુરતની પરંપરાગત શૈલીમાં સુરતવાસીઓએ ઉત્સાહપૂર્વક ગરબે ઘૂમીને ઉજવણીની રમઝટ બોલાવી હતી. ત્યારબાદ સુરતના જાણીતા 'શંખ ધ્વનિ ગ્રૂપ' દ્વારા કરવામાં આવેલા ભવ્ય શંખનાદથી સમગ્ર વાતાવરણ પવિત્ર અને ભક્તિમય બની ગયું હતું. વેદોક્ત મંત્રોચ્ચાર સાથે તાપી માતાની પૂજા-અર્ચના કરવામાં આવી હતી અને હજારો ભક્તોની હાજરીમાં મહાઆરતી ઉતારવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ, સુરતના સાંસદ મુકેશ દલાલ, ધારાસભ્ય અરવિંદ રાણા, પૂર્ણેશ મોદી, પૂર્વ રેલવે મંત્રી દર્શના જરદોશ, સુરત શહેરના મેયર માયા માવાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ અને શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ સહીતના મહાનુભવોએ તાપી માતાની આરતી ઉતારીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મોદીની દીર્ઘાયુ અને સુખાકારી માટેની પ્રાથના કરી હતી. નવાડી ઓવારાના તાપી કિનારે ૧૦ હજાર જેટલા દીવાઓની રોશનીથી સમગ્ર વિસ્તાર ઝળહળતો થઈ ગયો હતો.

સુરત શહેરમાં હાલ ઉત્સાહભેર ગણેશોત્વની ઉજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીની એક ઝલક ગણેશ પંડાલો પર જોવા મળી હતી. ગણેશ પંડાલો પર મહા આરતીનું આયોજન કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ સાથે લિંબાયતના નીલગીરી ગ્રાઉન્ડ ખાતે કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં ૨૦ હજાર જેટલા દીવડાઓ પ્રગટાવીને મહાઆરતી કરવામાં આવી હતી. જેમા લિંબાયત વિધાનસભાના ધારાસભ્ય સંગીતા પાટીલ સહીતના સ્થાનિક આગેવાનો તેમજ શહેરીજનો જોડાયા હતા. આ ઉપરાંત મનપાના મનપાની વોર્ડ ઓફીસ, સુમન આવાસ, ખાનગી મિલકતો મુખ્ય સર્કલો પર હજારો દીવડાઓ પ્રગટાવવામાં આવતા રોશનીથી આખું શહેર ઝળહળી ઊઠ્યું હતું. ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને સુરત પશ્ચિમના ધારાસભ્ય પૂર્ણેશ મોદી તથા સુરત (પશ્ચિમ) વિધાનસભા ભાજપ પરિવાર દ્વારા વિવિધ ભવ્ય આયોજનો કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનના દીર્ઘાયુ અને સ્વાસ્થ્યની પ્રાર્થના સાથે સુરતમાં ૮૯૨૧ સ્થળોએ મહાઆરતી કરવામાં આવી હતી. આ સાથે ૨૧૫૨ સંસ્થાઓ દ્વારા ૫ ટકાથી લઈને ૭૬ ટકા સુધીના સ્પેશિયલ ડિસ્કાઉન્ટ વિવિધ વસ્તુઓ પર આપવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકોએ તેનો લાભ લીધો હતો.

નવયુગ કોલેજમાં...

વાગ્યા પહેલા કોઈક સમયે હફસા ટાવરમાંથી ઝંપલાવી દીધું હતું. તેણીએ ક્યા કારણોસર આ પગલું ભર્યું તે અંગે જાણી શકાયું નથી. બીજી તરફ હફસા ટાવરનો ટેરેસનો દરવાજો પણ બંધ હતો. ગૌરી આ વિસ્તારમાં કઈ રીતે પહોંચી અને આજ ટાવર પર સ્યુસાઈડ કરવા કેમ આવી તે અંગે પણ ઘેરાતું રહસ્ય છે.

મોદીના જન્મ...

પ્રવૃત્તિઓના ભાગરૂપે સ્થળ પર મેડિકલ સહાય તેમજ કેન્સર નિદાન કેમ્પ સહિતની વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી, જેનો મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ નાગરિકોએ લાભ લીધો હતો. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ લોકો સુધી આરોગ્ય અને શિક્ષણ જેવી પાયાની સુવિધાઓ પહોંચાડવી એ આપણા સૌની સામાજિક અને સામૂહિક જવાબદારી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે સમગ્ર ગુજરાત અને દેશભરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ તથા સ્વચ્છતા અભિયાન જેવા જનકલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વના અન્ય દેશોમાં કોઈ રાજનેતાના જન્મદિવસે આવી વ્યાપક સેવાકીય પ્રવૃત્તિઓ થતી નથી, જે ભારતમાં જોવા મળી રહી છે. પ્રધાનમંત્રીએ દેશને આતંકવાદ અને નક્સલવાદમાંથી મુક્ત કરીને સુદ્રઢ સુરક્ષા પ્રદાન કરી છે. આ સાથે યુવાનો, મહિલાઓ, વડીલો, ખેડૂતો, વિશ્વકર્મા સમાજ તેમજ માછીમારો સહિત સમાજના દરેક વર્ગ માટે કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવીને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

અંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું સન્માન અને ગૌરવ વધારવાનો ઉલ્લેખ કરતાં મંત્રી સી.આર.પાટીલે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૨માં જ્યારે ભારતમાં બ્રિક્સ (BRICS) શિખર સંમેલન યોજાયું હતું ત્યારે વૈશ્વિક સ્તરે ભારત ('I') ના સ્થાનને ખાસ મહત્વ આપવામાં આવ્યું નહોતું. પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ આજે BRICS માં ભારતની તાકાત અને પ્રભાવ અભૂતપૂર્વ રીતે વધ્યા છે. હાલમાં જ યોજાયેલા સંમેલનમાં ચીન અને રશિયા જેવા અગ્રણી દેશોએ પહલગામ આતંકવાદ વિરોધી ઠરાવ પર હસ્તાક્ષર કરી સમર્થન આપ્યું હતું. આ ઉપરાંત, યજમાન દેશ તરીકે ભારતે રજૂ કરેલા ૫૦ જેટલા વિવિધ ઠરાવોને તમામ દેશોએ સર્વાનુમતે સ્વીકારીને અનુમોદન આપ્યું હતું, જે વૈશ્વિક મંચ પર ભારતની વધતી આંતરરાષ્ટ્રીય સાખ અને રાજનાયિક વિજયનું ઉદાહરણ છે. પ્રસિદ્ધ ભાગવત આચાર્ય રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી) એ 'સંવેદના દિવસ' ના પાવન પ્રસંગે સંવેદના અને સામાજિક ઉત્તરદાયિત્વનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, સંવેદના દિવસને નમન કરીને આપણી અંદરની સંવેદના જાગૃત થવી જોઈએ. ખરું જીવન એ જ છે જેમાં બીજાની વેદના જોઈને આપણા હૃદયમાં સંવેદના ઉત્પન્ન થાય, અને એ પણ પૂર્ણ કર્તવ્ય બુદ્ધિથી પ્રગટ થવી જોઈએ. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આપણે સમાજના માધ્યમથી જ શ્રીમંત કે સમૃદ્ધ બન્યા છીએ, તેથી સમાજ માટે કંઈક કરી છૂટવું એ કોઈ ઉપકાર નથી, પરંતુ આપણું પરમ કર્તવ્ય છે. આપણને જીવનમાં જે કંઈ પણ પ્રાપ્ત થયું છે તે ઈશ્વરનો 'પ્રસાદ' છે, અને પ્રસાદ હંમેશાં સૌમાં વહેંચવો જોઈએ. સામાજિક સેવાની ભાવના કેળવવા માટે તેમણે ત્રણ મુખ્ય બાબતો, ત્યાગ, પ્રેમ અને સેવાને અત્યંત જરૂરી ગણાવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે જીવનમાં નીતિ, રીતિ અને પ્રીતિ હશે તો જ ત્યાગ, પ્રેમ અને સેવાની આ ત્રણ સદગુણોની ભાવના ખરા અર્થમાં ચરિતાર્થ થઈ શકશે. જ્યારે સેવા કાર્ય સાથે હૃદયની સંવેદના જોડાય છે ત્યારે જ સમાજ સાચા અર્થમાં સુખી, સમૃદ્ધ અને સશક્ત બને છે.

વડાપ્રધાન મોદીના...

હતું. દરમિયાન ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં સેવાકીય પ્રવૃત્તિઓ માટે સદાય મોખરે રહ્યું છે. તેમાં પણ સુરત શહેર દરેક સેવાકાર્યમાં નવા રેકોર્ડ સર્જવા માટે જાણીતા છે. જનસેવાની આ પરંપરા સુરતની ઓળખ બની ગઈ હોવાનું આ અવસરે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું.

શહેરીજનોને જળસંચયના અભિયાનમાં સહભાગી બનવાની અપિલ કરતા કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે કહ્યું હતું કે, વરસાદનું પાણી જ્યાં પડે ત્યાં જ એને ઝીલીને જમીનમાં ઉતારવું એ સમયની માગ છે. આ રાષ્ટ્રીય અભિયાનની શાનદાર શરૂઆત ૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સુરતથી કરવામાં આવી હતી. આજે જનભાગીદારીના બળે સમગ્ર દેશમાં ૧ કરોડ ૫૫ લાખથી વધુ જળ સંચય સ્ટ્રક્ચર્સનું નિર્માણ થઈ ચૂક્યું છે, જેના થકી વાર્ષિક ૧૨ બીસીએમ (બિલિયન ક્યુબિક મીટર)થી વધુ પાણી જમીનમાં ઉતારવામાં સફળતા મળી છે. ભૂગર્ભ જળનો ઉપયોગ કરીને આપણે જે 'ધરતી માતા'નું ઋણ લીધું છે, તેને પરત ચૂકવવાનો આ શ્રેષ્ઠ માર્ગ છે. રેન વોટર હાર્વેસ્ટિંગથી માત્ર બોરવેલ કે જમીનના પાણીના સ્તર ઊંચા નથી આવતા, પરંતુ પાણીની ક્વોલિટીમાં પણ મોટો સુધારો થાય છે. જળશક્તિ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મનગમતા વિષય 'કેચ ધ રેન' અને 'રેન વોટર હાર્વેસ્ટિંગ' અભિયાનને આગળ ધપાવતા સુરતમાં ૬,૦૦૦થી વધુ સ્ટ્રક્ચર બનાવ્યા છે. ઉધના ઝોનમાં ૧૫૧ બોરવેલથી જળસંચયની કામગીરીને વેગ મળશે. ચોમાસામાં વહી જતા પાણીને જમીનમાં ઉતારવાથી ધરતીમાતાનું ઋણ ચૂકવાશે, ભૂગર્ભ જળસ્તર ઊંચા આવશે અને તેની ગુણવત્તા સુધરશે. આ સાથે જ ચોમાસા દરમિયાન શહેરમાં થતા વોટર લોગિંગ અને ભરાતા પાણીની સમસ્યામાંથી મુક્તિ મળશે, જેનાથી ડામરના રોડનું આયુષ્ય વધશે અને સ્થાનિક નાગરિકોની હાલાકી દૂર થશે એમ તેમણે કહ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેવા કાર્યકાળના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે તેમણે જણાવ્યું હતું કે, ૧૭મી સપ્ટેમ્બરથી ૧૭મી ઓક્ટોબર સુધી ૩૦ દિવસીય સેવાકીય અને સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ તકે તેમણે સુરતને સ્વચ્છતામાં દેશભરમાં પ્રથમ ક્રમાંકે પહોંચાડનાર સફાઈકર્મીઓનું સન્માન કરી તેમના યોગદાનને વંદન કરી સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી.

સુરત સિવિલ...

અધિક્ષક ડો. પારુલ વડગામા, ડો. કેતન નાયક, TNAIના સેક્રેટરી ઈકબાલ કડીવાલા, નર્સિંગ સુપ્રિન્ટેન્ડન્ટ નિરજા પટેલ, નોડલ અધિકારી ડો. લક્ષ્મણ તેહલાની, તેમજ સંજય પરમાર સહિત નર્સિંગ વિદ્યાર્થીઓ, નર્સિંગ સ્ટાફ, સિવિલના કર્મચારીગણ અને દર્દીઓના સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન મોદીના...

નિસ્વાર્થ સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર ગુજરાતમાં સેવા સંકલ્પ અભિયાન ની ઉજવણી કરવામાં આવનાર છે આ અભિયાન હેઠળ આજરોજ 17 સપ્ટેમ્બર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે અનેક વિથ સેવા કાર્યો કરવામાં આવ્યા સાથે આશીર્વાદ નો દીવો કાર્યક્રમ અંતર્ગત લિંબાયત વિધાનસભા મતવિસ્તારના નીલગીરી ગ્રાઉન્ડ ખાતે વિશેષ મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં 20,000 થી વધુ દીવડાઓ પ્રગટાવી ભવ્ય મહા આરતી કરવામાં આવી. 20000 થી વધુ દીવા પ્રજવલિત કરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માટે આશીર્વાદ તેમજ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી. આજના આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા સાથે ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર અધ્યક્ષ પરેશ પટેલ, 163 લિંબાયત વિધાનસભાના ધારાસભ્ય સંગીતાબેન પાટીલ તથા મહામંત્રી દુર્ગા પ્રસાદ પાંડેજી ડે.મેયર સુધાકર ચોધરી સ્ટેન્ડિંગ ચેરમેન રાજન પટેલ પૂર્વ મહામંત્રી કિશોર બિંદલ ઉપસ્થિત રહ્યા હતા.

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (Aadhar Housing Finance Ltd)

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, પાંચમા માળે, લાઈટબ્રીજ, સાકી વિહાર રોડ, અંધેરી પૂર્વ, મુંબઈ સબર્બન (જિ.),મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨
સુરત પરવત પાટીયા બ્રાંચઃ દુકાન નં.૩૧૨ અને ૩૧૩,ટાઈમ્સ ગેલેરીયા,સારોલી ગામના ગેટ નજીક, કુબેરજી ટેક્ષ્ટાઈલ માર્કેટની સામે, કડોદરા-સુરત રોડ, સુરત -૩૯૫૦૧૦ જીજે **અધિકૃત અધિકારી : અમિતકુમાર સોની, (મો.નં. : ૯૯૧૩૩૩૩૨૧૪)**

સરફાયેસી એક્ટ,૨૦૦૨ ની જોગવાઈ મુજબ ખાનગી કરારથી મિલકતનું વેચાણ

નીચે સહી કરનાર **આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ (એએચએફએલ)**ના અધિકૃત અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (ધ સરફાયેસી એક્ટ,૨૦૦૨) હેઠળ નીચે જણાવેલી સ્થાવર મિલકત (સુરક્ષિત સંપત્તી) ના વેચાણ માટે અધિકૃત અધિકારીને કેટલાક રસ ધરાવનારાઓ તરફથી નીચે જણાવેલી વાસ્તવિક કબજાવાળી મિલકતો માટે ઓફરો મળી છે જે નીચે જણાવેલા દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે કબજે લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતોનું સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ અને ૯ મુજબ ખાનગી કરારથી વેચાણ માટેની નોટીસ અધિકૃત અધિકારી તરફથી આપવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે :

અ. નં.	અરજી નં./શાખા	દેવાદાર(રો)/ સહદેવાદાર(રો) ના નામ	ડીમાન્ડ નોટીસની તા.અને રકમ	અનામત કિંમત (રૂ.-પૈસા)	૦૪.૦૮.૨૦૨૬ના રોજ લોનની કુલ બાકી રકમ	સ્થાવર મિલકતનું વર્ણન
1	(લોન કોડ નં. ૧૨૩૦૦૦૦૧૬૧૨/ સુરત પરવત પાટીયા બ્રાંચ)	જાવેદ પિંજારા (દેવાદાર), યાસ્મીનબેન પિંજારા (સહદેવાદાર)	09-10-2025 & ₹ 5,33,299/-	₹ 2,00,000/-	₹ 6,50,264/-	તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત રે.સ.નં. ૬૮ ૮૧,બ્લોક નં.૫૨એ, સહકાર ટાઉનશીપ,ફ્લેટ નં.૧૦૧,પહેલા માળે, સહકાર ટાઉનશીપ એ-ટાઈપ પૈકી એ-૨ બિલ્ડીંગ , ભારત મોટર્સની બાજુમાં, ગામ અંબોલી તા.કામરેજ ચારરસ્તા અંબોલી, સુરત,ગુજરાત-૩૯૪૧૮૫ **ચતુઃસીમાઃ** પૂર્વે : લાગુ નેશનલ હાઈવે,પશ્ચિમેઃ લાગુ બ્લોક નં.૪૦,ઉત્તરેઃ લાગુ કઠોરનો સીમાડો , દક્ષિણેઃ લાગુ બ્લોક નં.૪૨ અને ૫૨/બી

આ દેવાદાર(રો),સહ દેવાદાર(રો) અને જામીનદાર (રો) માટે **સરફાયેસી એક્ટ,૨૦૦૨ હેઠળની ૧૫ દિવસની વેચાણ નોટીસ** છે જે ઉપરોક્ત મિલકતો હવે સુરક્ષિત ધિરાણકર્તાઓના **વાસ્તવિક કબજા** હેઠળ છે ,જેનો વાસ્તવિક કબજો આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એએચએફએલ) ના અધિકૃત અધિકારીએ લીધો છે.આ મિલકતોનું વેચાણ ' જયાં છે ત્યાં છે', 'જેમ છે તેમ છે ' અને ' જે ત્યાં છે ' ના ધોરણે કરશે.

જો દેવાદાર(રો)/સહદેવાદાર(રો) પાસે કોઈ ખરીદનાર ગીરો મિલકત/ સુરક્ષિત સંપત્તી ખરીદવા ઉપર જણાવેલી અનામત કિંમત ચુકવવા તૈયાર હોય તો દેવાદાર (રો),સહ દેવાદાર (રો) એ એએચએફએલને **તા. ૦૭-૧૦-૨૦૨૬** પહેલા જાણ કરવી,તો એએચએફએલ તેમને પ્રાથમિકતા આપશે.જો દેવાદાર (રો),સહ દેવાદાર (રો) **તા. ૦૭-૧૦-૨૦૨૬** પહેલા જાણ કરવામાં નિષ્ફળ જશે તો એએચએફએલ મિલકતના વેચાણની પ્રક્રિયા ઉપર જણાવેલી અનામત કિંમતના આધારે આગળ વધારશે.

હરાજીની તારીખ ૦૭-૧૦-૨૦૨૬ નક્કી કરવામાં આવી છે.

આ અખબારી જાહેરખબરનો આશય માત્ર લોકોની જાણકારી માટેનો જ છે.આ જાહેરખબરમાં સમાવિષ્ટ જાણકારી કે એના કોઈ પણ ભાગનું પ્રસારણ,પુનઃનિર્માણ,વિતરણ કે પ્રસાર પ્રિન્ટ,ઈલેક્ટ્રોનિક કે ડિજિટલ પ્રકાશન ઈમેલ કે વેબ પ્રકાશન દ્વારા પૂર્ણતયા પ્રતિબંધિત છે.એવા કોઈ પણ પગલા સામે એએચએફએલ કાનૂની પગલા લઈ શકશે.

સ્થળ : ગુજરાત **(અધિકૃત અધિકારી)**
તારીખ : ૧૮.૦૯.૨૦૨૬ **વતિ,આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ઈ-હરાજી વેચાણ નોટીસ

ROSARB, સુરત ઝોન, પહેલો માળ, બેંક ઓફ બરોડા, ઉધના ઉદ્યોગ વેપાર સંઘ સામે, GIDC ઉધના, સુરત - 394210 | ફોન : 9499555022

તા. 05-10-2026
સમય : બપોરે 2.00 થી 6.00

સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002ની સાથે સિક્યોરીટી (ઈન્ટરેસ્ટ) એક્ટ 2002ના રૂલ્સ 6(2) અને રૂલ્સ 8(6) સાથે વંચાણમાં લેતા સ્થાયી મિલકત માટે ઈ-હરાજી દ્વારા વેચાણ.

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને કરજદાર (ઓ) / ગીરો અને જામીનદાર (ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર / જંગમ મિલકત સિક્યોર્ડ લેણદારને ગીરો / ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો ધિરાણકર્તા દ્વારા લેવામાં આવ્યો છે. બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિક્યોર્ડ ક્રેડિટર, જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ', 'જે છે તે' અને 'આશ્રય વિના' ના આધારે નીચે દર્શાવેલ ખાતા/ઓમાંથી લેણાંનીવસૂલાત માટે વેચવામાં આવશે, ઓળખાયેલ કોઈપણ લેણાંની જવાબદારી ખરીદનાર પર રહેશે પરંતુ બેંકર પર નહીં.

ક્રમ	કરજદાર/જામીનદાર/મોર્ટગેજરનું નામ	મિલકતોનું વર્ણન	બાકી રકમ (રૂા. લાખમાં) + વ્યાજ અને અન્ય ખર્ચાઓ (રીકવરી બાદ જો કોઈ હોય તો)	અનામત કિંમત ઈએમડી (રૂા. લાખમાં)	મિલકતનો પ્રકાર	કબજાનો પ્રકાર
01.	અક્ષર ક્રેડ જરી નિલેશભાઈ ધીરૂભાઈ સાવલીયા	રહેઠાણીય રો-હાઉસ, બાંધકામ અંતર્ગત મિલકત, મોજે શેખપુર, રેવન્યુ સર્વે નં.260/A, બ્લોક નં.222, "નિલકંઠ ધામ રેસીડેન્સી", પ્લોટ નં.13, યુનિકોર્ન ફાર્મની બાજુમાં, આનંદ વાટિકા પાછળ, શેખપુર કેનાલ રોડ, શેખપુર-394130, તા.કામરેજ, જી.સુરત. એરિયા :68.62 ચો.મી. યાને 82.06 ચો.યાર્ડ.		5.50 0.55	રહેઠાણીય રો-હાઉસ	પ્રત્યક્ષ
02.	અક્ષર થ્રેડ જરી સંજયભાઈ કડવાભાઈ પંચાણી	રહેઠાણીય રો-હાઉસ, બાંધકામ અંતર્ગત મિલકત, મોજે શેખપુર, રેવન્યુ સર્વે નં.260/A, બ્લોક નં.222, "નિલકંઠ ધામ રેસીડેન્સી", પ્લોટ નં.14, યુનિકોર્ન ફાર્મની બાજુમાં, આનંદ વાટિકા પાછળ, શેખપુર કેનાલ રોડ, શેખપુર-394130, તા.કામરેજ, જી.સુરત. એરિયા :68.62 ચો.મી. યાને 82.06 ચો.યાર્ડ.	48.67 + વ્યાજ અને કાનૂની ખર્ચા	5.90 0.59	રહેઠાણીય રો-હાઉસ	પ્રત્યક્ષ
03.		રહેઠાણીય રો-હાઉસ, બાંધકામ અંતર્ગત મિલકત, મોજે શેખપુર, રેવન્યુ સર્વે નં.260/A, બ્લોક નં.222, "નિલકંઠ ધામ રેસીડેન્સી", પ્લોટ નં.17, યુનિકોર્ન ફાર્મની બાજુમાં, આનંદ વાટિકા પાછળ, શેખપુર કેનાલ રોડ, શેખપુર-394130, તા.કામરેજ, જી.સુરત. એરિયા :45.75 ચો.મી. યાને 54.71 ચો.યાર્ડ.		4.40 0.44	રહેઠાણીય રો-હાઉસ	પ્રત્યક્ષ
04.		રહેઠાણીય રો-હાઉસ, બાંધકામ અંતર્ગત મિલકત, મોજે શેખપુર, રેવન્યુ સર્વે નં.260/A, બ્લોક નં.222, "નિલકંઠ ધામ રેસીડેન્સી", પ્લોટ નં.18, યુનિકોર્ન ફાર્મની બાજુમાં, આનંદ વાટિકા પાછળ, શેખપુર કેનાલ રોડ, શેખપુર-394130, તા.કામરેજ, જી.સુરત. એરિયા :64.27 ચો.મી. યાને 76.86 ચો.યાર્ડ.		5.60 0.56	રહેઠાણીય રો-હાઉસ	પ્રત્યક્ષ
05.	મેસર્સ મહાદેવ એન્ટરપ્રાઈસીસ ભરતભાઇ રામજીભાઇ પટેલ	દુકાન નં. 39 થી 42, બીજો માળ, હાઈ ક્રોસ, આંબલી સ્ટેન્ડ, પાલેજ રેલવે સ્ટેશન (W) પાસે, રેવન્યુ/બ્લોક નં. 268, 269 અને 270, સિટી સર્વે નં. 2369/B, પાલેજ-કમબોલી રોડ, ગામ પાલેજ, તા./જી. ભરૂચ, એરિયા 585.77 ચો.ફુટ.	134.66 + વ્યાજ અને કાનૂની ખર્ચા	3.60 0.36	દુકાન	પ્રત્યક્ષ
06.	ઓમ ફેશન રૂપલ મેહુલભાઈ કાકડીયા	ફ્લેટ નં. 602, છઠ્ઠો માળ, "વી-રાજ વ્યુ" બિલ્ડિંગ, અશ્વિનીકુમાર રોડ, સિટી સર્વે નોંધ નં. 13 & 14 વોર્ડ - કુલપાડા-1, ગામતળ, તા. સુરત સિટી, જી. સુરત. સુપર બિલ્ટ અપ એરિયાનું કુલ માપ આશરે 2275.00 ચો.ફુટ એટલે કે 211.43 ચો.મી., અને બિલ્ટ અપ એરિયા 154.34 ચો.મી. જમીનની નીચે, દાદર અને કોમન પેસેજમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સાથે અંદાજીત માપ આશરે 37.17 ચો.મી.	148.80 + વ્યાજ અને કાનૂની ખર્ચા	15.88 1.59	ફ્લેટ	પ્રત્યક્ષ
07.	મેસર્સ શિવ ફેશન નિતીનભાઈ શામજીભાઈ પટેલ	દુકાન નં. 502, બિલ્ડીંગ નં. "A", પાંચમો માળ, "દ્વારકાધિશ કેમ્પસ", રેવન્યુ સર્વે નં. 172/2/B, બ્લોક નં. 208, સિટી સર્વે નં. 2795/1, શીટ નં. 52, ચલતા નં. 1, ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત.	47.96 + વ્યાજ અને કાનૂની ખર્ચા	3.80 0.38	દુકાન	પ્રત્યક્ષ
08.		ફ્લેટ નં.303, બિલ્ડીંગ નં. "B", ત્રીજો માળ, "દ્વારકાધિશ કેમ્પસ", રેવન્યુ સર્વે નં. 172/2/B, બ્લોક નં. 208, સિટી સર્વે નં. 2795/1, શીટ નં. 52, ચલતા નં. 1, ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત.		12.20 1.22	ફ્લેટ	પ્રત્યક્ષ
09.	ગણેશભાઈ ખીમજીભાઈ બોધરા ધર્મિષ્ઠાબેન ગણેશભાઈ બોધરા ઘનશ્યામ નારણભાઈ નંદવાણાને	પ્લોટ નં. 35 અને 36 (C ટાઈપ), અંદાજીત માપ 66.92 અને 66.92 ચો.મી., રસ્તા અને સીઓપમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સાનું માપ 41.76 અને 41.76 ચો.મી. અનુક્રમે, "શ્રી ગણેશ રો-હાઉસ" તેને લગતી તમામ અનુરૂપતાઓ સાથે, જે જમીનનો રેવન્યુ સર્વે નં. 120/3+4, બ્લોક નં. 196/A, ગામ સાયણ, તા. ઓલપાડ, જી. સુરત. જે મિલકત શ્રી ગણેશભાઈ ખીમજીભાઈ બોધરાના નામે સ્થિત છે.	46.87 + વ્યાજ અને કાનૂની ખર્ચા	13.37 1.34	રહેઠાણીય રો હાઉસ	પ્રત્યક્ષ
10.	ભાવેશકુમાર ઝીણાભાઈ કલસારીયા, પ્રવિણકુમાર ઝીણાભાઈ કલસારીયા	પ્લોટ નં. 55, A ટાઈપ, "શ્રી વીર વિનાયક રેસીડેન્સી", પતિંજલી વિદ્યાલય પાસે, રેવન્યુ સર્વે નં. 116/2, બ્લોક નં. 118, ખાતા નં. 512, મોજે માંકણા, સબ ડિસ્ટ્રી. કામરેજ, જી. સુરત-394310. એરિયા : 68.62 ચો.મી. યાને 82.10 ચો. યાર્ડ.	22.04 + વ્યાજ અને કાનૂની ખર્ચા	10.90 1.09	રહેઠાણીય રો-હાઉસ	પ્રત્યક્ષ
11.	જીતમ પ્રાઈવેટ લિમિટેડ સીમા આશિષ મિશ્રા આશિષ મહાનંદ મિશ્રા	ફ્લેટ નં. 401, ચોથો માળ, "સાંઈ સમર્થ કોમ્પલેક્ષ", સિદ્ધિ વિનાયક મંદિર પાસે, સિટી સર્વે નં. 105 થી 110, મોજે વેસુ, જી. સુરત-395007. એરિયા : 97.23 ચો.મી. યાને 1046.65 ચો.ફુટ (બીલ્ટ અપ એરિયા). મિલકતની ચતુર્સિમા : ઉત્તર : અહુરા બિલ્ડીંગ, દક્ષિણ : રતનસા મીર બિલ્ડીંગ, પૂર્વ : ખુલ્લી જગ્યા, પશ્ચિમ : બિલ્ડીં, લાગુ રસ્તો.	44.99 + વ્યાજ તથા કાનૂની ખર્ચા	30.69 3.07	રહેઠાણીય ફ્લેટ	પ્રત્યક્ષ
12.	સાયોના ફેબ્રીક્સ હસમુખભાઈ પ્રેમજીભાઈ નારોલા સેજલબેન હસમુખભાઈ નારોલા	મોજે ઓલપાડ, રેવન્યુ સર્વે નં. 173, બ્લોક નં. 227, સિટી સર્વે નં. 2708/71/79, ખાતા નં. 187, ચલતા નં. 1, શિટ નં. 54, "સાંઈ દષ્ટિ રેસીડેન્સી", નવો પ્લોટ નં. 80 (જુનો પ્લોટ નં. 70), આથા ટાઉનશીપ સામે, જીલ્લા સેવા સદન પાસે, ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત. એરિયા : 71.00 ચો.યાર્ડ.	25.17 + વ્યાજ અને કાનૂની ખર્ચા	6.50 0.65	રહેઠાણીય પ્લોટ	પ્રત્યક્ષ
13.	જય અંબે ટેક્ષ મનિષાબેન જયંતિભાઈ પટેલ	પ્લોટ નં. 33, "નિર્વાના", સિલ્ક ક્લબ પાસે, સિદ્ધનાથ હોમ્સ નજીક, દાંડી રોડ, કુંડીયાના, ઓલપાડ, રેવન્યુ સર્વે નં. 573, 575 અને 576/1, બ્લોક નં. 617/A, સિટી સર્વે નં. NA617/A/33, મોજે કુડીયાણા, તા. ઓલપાડ, જી. સુરત-394540. એરિયા : 1138 ચો.ફુટ યાને 105.72 ચો.મી., ચતુર્સિમા : ઉત્તર : પ્લોટ નં. 22, દક્ષિણ : સોસાયટીનો રસ્તો, પૂર્વ : પ્લોટ નં. 34, પશ્ચિમ : પ્લોટ નં. 32.	45.98 + વ્યાજ અને કાનૂની ખર્ચા	26.38 2.64	રહેઠાણીય ઘર	પ્રત્યક્ષ
14.	ચૌધરી કલ્પનાબેન ઉપેનભાઈ	પ્લોટ નં. 118, 'કામધેનુ બંગલોઝ', બ્લોક નં. 266, રેવન્યુ સર્વે નં. 238/2, 239, 238/1 અને 238, મોજે સોયાણી, મહાદેવ મંદિરની બાજુમાં, મંદિર રોડ, સોયાણી, પલસાણા, સુરત-394601. એરિયા : 123.37 ચો.મી.	57.51 + વ્યાજ અને કાનૂની ખર્ચા	13.90 1.39	રહેઠાણીય રો-હાઉસ	પ્રત્યક્ષ
15.	નાયકા સુમિત્રાબેન વિમલભાઈ	પ્લોટ નં. 119, 'કામધેનુ બંગલોઝ', બ્લોક નં. 266, રેવન્યુ સર્વે નં. 238/2, 239, 238/1 અને 238, મોજે સોયાણી, મહાદેવ મંદિરની બાજુમાં, મંદિર રોડ, સોયાણી, પલસાણા, સુરત-394601. એરિયા : 115.36 ચો.મી.	29.82 + વ્યાજ અને કાનૂની ખર્ચા	13.50 1.35	રહેઠાણીય રો-હાઉસ	પ્રત્યક્ષ
16.	ચૌધરી ઉપેનભાઈ બાબુભાઈ	પ્લોટ નં. 117, 'કામધેનુ બંગલોઝ', બ્લોક નં. 266, રેવન્યુ સર્વે નં. 238/2, 239, 238/1 અને 238, મોજે સોયાણી, મહાદેવ મંદિરની બાજુમાં, મંદિર રોડ, સોયાણી, પલસાણા, સુરત-394601. એરિયા : 91.06 ચો.મી.	57.51 + વ્યાજ અને કાનૂની ખર્ચા	11.40 1.14	રહેઠાણીય રો-હાઉસ	પ્રત્યક્ષ
17.	પાનસુરીયા પ્રજ્ઞેશકુમાર કલ્યાણભાઈ જીજ્ઞાબેન પ્રજ્ઞેશભાઈ પાનસુરીયા	પ્લોટ નં. 6 અને 7, "શ્રી કામધેનુ બંગલોઝ", બ્લોક નં. 266, સી સર્વે નં. 238/2, 239, 238/1 અને 238, મોજે સોયાણી, સુકન રેસીડેન્સી પાસે, મંદિર રોડ, સોયાણી, પલસાણા, સુરત-394601. એરિયા : 150.66 ચો.મી.	42.63 + વ્યાજ અને કાનૂની ખર્ચા	17.40 1.74	રહેઠાણીય બંગલો	પ્રત્યક્ષ
18.	વેસ્ટર ક્લોથીંગ, રવી ઝુનઝુનવાલા (ભાગીદાર/જામીનદાર) મમતા રવી ઝુનઝુનવાલા (ભાગીદાર/જામીનદાર/મોર્ટગેજર)	રહેઠાણીય ફ્લેટ જેનો ફ્લેટ નં. 914, નવમો માળ, બિલ્ડીંગ નં. D, "સ્ટાર ગેલેક્ષી", હોરીઝોન સામે, શ્રૃંગાર રેસીડેન્સી અને આગમ ક્રોસ રોડ પાસે, વીઆઈપી રોડ, વેસુ, જુનો રેવન્યુ સર્વે નં. 471 અને 490 પૈકી નવો રીવીઝન સર્વે નં. 302 અને 299/1, ટી.પી. સ્કીમ નં. 6 (વેસુ), મૂળ પ્લોટ નં. 25 અને 28/2, ફાઈનલ પ્લોટ નં. 32 પૈકી અને 31 પૈકી, ગામ વેસુ, તા. મજુરા, જી. સુરત. બિલ્ટ અપ એરિયાનું માપ 1537.28 ચો.ફુટ યાને 142.87 ચો.મી. યાને 1537.28 ચો.ફુટ.	184.70 + વ્યાજ અને કાનૂની ખર્ચા	78.30 7.83	રહેઠાણીય ફ્લેટ	પ્રત્યક્ષ
19.	મેસર્સ ગણેશ જરી, માલિક : સ્વ. દિનેશ બચુભાઈ જસાણી તેમના કાનૂની વારસદારો વિલાશબેન દિનેશભાઈ જસાણી (પત્ની), રોહિત દિનેશભાઈ જસાણી (પુત્ર), કરણ દિનેશભાઈ જસાણી (પુત્ર) દ્વારા,	પ્લોટ નં. 61, લોટસ પોન્ડ સોસાયટી, બ્લોક નં. 640, મોજે ગામ અષ્ટગામ, તા. નવસારી, જી. નવસારી. માપ 428.00 ચો.યાર્ડ યાને 357.80 ચો.મી., બાંધાકમામ સાથે માપ 1150 ચો.ફુટ યાને 106.87 ચો.મી.,	24.97 + વ્યાજ તથા કાનૂની અને અન્ય ખર્ચા	31.44 3.14	રહેઠાણીય બંગલો	પ્રત્યક્ષ
20.	મેસર્સ ડિવાઈન કોમ્યુનિકેશન હેલી જીજ્ઞેશભાઈ પટેલ (માલિક/મોર્ટગેજર) નરશીભાઈ હંસરાજભાઈ પટેલ	દુકાન નં. HG/5, હાયર ગ્રાઉન્ડ ફ્લોર, "મેઘરત્ન કોમ્પલેક્ષ", નોંધ નં. 842/B, 843/B, અને 844/B, વોર્ડ નં. 01, નાનપુરા એરિયા, તા. સુરત સિટી, જી. સુરત. એરિયા : સેલ ડીડ પ્રમાણે કાર્પેટ એરિયા 248.00 ચો.ફુટ યાને 23.04 ચો.મી. અને સાઈટ પ્રમાણે 156.00 ચો.ફુટ	26.49 + વ્યાજ અને કાનૂની ખર્ચા	10.80 1.08	દુકાન	પ્રત્યક્ષ
21.	રામદેવ NX રાકેશભાઈ જયંતિભાઈ મેર	રહેઠાણીય ઘર જેનો પ્લોટ નં. 36, "ગ્રીન હેવન", નિલમ પાર્ક રેસિડેન્સી અને શ્રી ઓમ હોમ્સ પાસે, મુળદ, રેવન્યુ સર્વે નં. 411, 228/B, મુળદ, તા. ઓલપાડ, જી. સુરત. એરિયા : પ્લોટનો એરિયા 227.70 ચો.મી. યાને 272.33 ચો.યાર્ડ, બિલ્ટ અપ એરિયા : 82.16 ચો.મી., યાને 884.00 ચો.ફુટ.	77.87 + વ્યાજ અને કાનૂની ખર્ચા	22.41 2.24	રહેઠાણીય ઘર	પ્રત્યક્ષ
22.	મેસર્સ મારૂતી એન્ટરપ્રાઈઝ સંજયભાઈ જશુખભાઈ પટેલ	દુકાન નં. G-7, "રાજ ઈમ્પીરીયા", રેવન્યુ સર્વે નં. 12/2/A, બ્લોક નં. 31, ટી.પી. સ્કીમ નં. 21 (સરથાણા-સીમાડા), ગામ સીમાડા, તા. પુણા (સુરત સિટી) જી. સુરત. એરિયા : 16.12 ચો.મી.	97.74 + વ્યાજ અને કાનૂની ખર્ચા	18.63 1.86	ધંધાકીય દુકાન	પ્રત્યક્ષ
23.	મેસર્સ ઋષિ એન્ટરપ્રાઈઝિસ, રેખાબેન ચંદરસિંહ દોડીયા	રહેઠાણીય રો-હાઉસ જેનો પ્લોટ નં. 17 પૈકી પૂર્વ તરફનો ભાગ, રાજપૂત ફળિયા, ચલતા નં. 07 અને 08, ટીકા નં. 02, આસપાસ દાદા મંદિર પાસે, મોજે ગોડાદરા, ગામ ગોડાદરા, તા. સુરત સિટી, જી. સુરત. મિલકતના માલિક : રેખાબેન ચંદરસિંહ દોડીયા	105.51 + વ્યાજ અને કાનૂની ખર્ચા	85.30 8.53	રહેઠાણીય રો-હાઉસ	પ્રત્યક્ષ

કરજદાર / જામીનદાર / મોર્ગેજરને સરફેસી એક્ટ હેઠળ 15 દિવસીય કાયદીકીય વેચાણ નોટીસ
ન્યૂનતમ બિડ વધારાની રકમ રૂા. 10,000/- (રૂપિયા દસ હજાર પૂરા) | મિલકતનું નિરીક્ષણ તા. 21-09-2026 થી શરૂ

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે https://www.bankofbaroda.bank.in/e-auction.htm અને ઓનલાઈન હરાજી પોર્ટલ માટે https://baanknet.com તથા અધિકૃત અધિકારી : મો. 9499555022 પર સંપર્ક કરો. (આ હરાજી નોટીસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)

વેચાણના નિયમો અને શરતો અંગેની વધુ માહિતી માટે QR CODE સ્કેન કરો

તારીખ : 17-09-2026 | સ્થળ : સુરત | મિલકતની મુલાકાત માટે સંપર્ક શ્રી પ્રમોદ કુમાર : 9499555022 **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા.**

केनरा बैंक Canara Bank (सिंडिकेट बैंक Syndicate Bank)

SME વાપી શાખા : દુકાન નં. ૧, ૨ અને ૧૨-એ, બ્રિઝ વ્યૂ કોમ્પ્લેક્ષ, પ્લોટ નં. ૩૯૫, કોપરલી રોડ, જીઆઈડીસી, વાપી, ગુજરાત - ૩૯૬૧૯૫.

ગોલ્ડ નોટીસ

નીચે જણાવેલ વ્યકિતઓને આથી જાણ કરવામાં આવે છે કે તેઓ અનેક નોટીસો આપવા છતાં લોન ખાતામાં જવાબદારી ચુકવવામાં નિષ્ફળ ગયા છે. તેથી તેમને વિનંતી કરવામાં આવે છે કે તેઓ **તા. ૧૮.૧૦.૨૦૨૬ ના રોજ અથવા તે પહેલા** જવાબદારી અને અન્ય ચાર્જ ચુકવી દે અને ગિરવે સિકયોરીઝ રીડીમ કરે, નહીં તો બેંક દ્વારા જાહેર હરાજીમાં ઉધારકર્તાના ખર્ચે, બેંકની પ્રક્રિયા મુજબ, કોઈપણ સુચના વિના, બેંકની સંપૂર્ણ જવાબદારી થી વેચવામાં આવશે.

ઋણની તારીખ	લોન નંબર	ઋણ લેનારના નામ અને સરનામું	બાકી લ્હેણી
૦૪.૦૪.૨૦૨૫	૧૬૪૦૬૪૧૩૫૯૧૦	કુશાગ્ર ચતુર્વેદી, પ્લોટ નં. બી/૧૪૪, ફ્લેટ નં. ૧૦૨, સી-પ્રકાર, શકિત એપાર્ટમેન્ટ, મોરાઈ, ગુજરાત - ૩૯૬૧૯૧.	રૂા. ૫,૦૭,૯૧૫/-

તારીખ : ૧૭.૦૯.૨૦૨૬ **સહી/-, શાખા મેનેજર**

Surat Municipal Corporation
South Zone-B (Kanakpur)
Short e-Tender (Online) invitation
Notice No. DMC/SZ-B/09/2026-27

FIT INDIA

Tenders are invited for Various Dept. works online on https://smctender.nprocure.com from Government approved contractors with Following Schedule.

1	Name of the Department	HEALTH
	No. of Work	03
2	No. of Tenders	03
	Total Estimated cost of Tender	Rs. 10.29 Lacs

The detail tender notice will be made available on website www.suratmunicipal.gov.in

Deputy Municipal Commissioner
South Zone-B (Kanakpur)
Surat Municipal Corporation
No. P.R.O. 235/2026-27
Date: 17/09/2026